४५८

॥ श्रीगणेशायनमः ॥

॥ श्रीसीतारामचंद्राभ्यांनमः अथयश्रीरामरक्षास्तोत्रमंत्र य ॥ बुधकौशिकऋषिः श्रीसीतारामचंद्रोदेवता॥ अनुष्टुप्छंदः॥सीताशक्तिः॥श्रीमद्धनूमानकीलकं ॥ श्रीरामचंद्रप्रीत्यर्थेरामरक्षास्तोत्रमं जपेविनियोगः ध्यानंध्यायेदाजानुबाहुं तशरधनुषंबद्धपद्मासनस्थंपीतंवासोवसानं नवकमल लस्पार्द्धिनेत्रंप्रसन्नं ॥ वामांकारूढसीता मु वकमलमिलल्लोचनंनीरदाभंनानालंकारदी दधं मु जटामंडनंरामचंद्रं॥१॥ इतिध्यानं

॥ श्रीरामरक्षा तोत्रं ॥

આ રામરક્ષા સ્તોત્ર ૩૫ મંત્રના, રૂષિ બુધકૌશિક છે, દેવતા શ્રી સીતારામચંદ્ર છે, છંદ અનુષ્ટુપ છે, શકિત શ્રી સીતા છે, કીલક શ્રી હનુમાન છે, શ્રી રામચંદ્રને પ્રસન્ન કરવા માટે રામરક્ષા સ્તોત્રનો પાઠ કરવો.

અથ ધ્યાન—ગોઠણસુધી જેના લાંબા હાથ છે, ધનુષ-બાણ જેણે ધર્યાછે, બ્રહ્માસન વાળીને જે બેઠા છે, પીળાં વસ્ત્ર જેણે પેહેર્યા છે, નવાં કમળનાં દળ કરતાં સુંદર જેનાં નેત્ર છે, જે પ્રસન્ન છે, ડાબી કોરે બીરાજેલાં સીતાના મુખકમળ ઉપર જેનાં નેત્ર પડે છે, મેઘના સરખી જેની કાંતિ છે, અનેક પ્રકારના અલંકારોથી જે શોભે છે. અને જે મોટી જટા રૂપ આભુષણને ધારણ કરે છે તે શ્રી રામચંદ્રનું હું ધ્યાન ધરૂં છું.

॥ श्रीरामरक्षाप्रारंभः ॥

चरितंरघुनाथस्य शतकोटीप्रविस्तरं ॥
एकैकमक्षरंपुंसां महापातकनाशनं ॥१॥

શ્રી રામચંદ્રજીનું ચરિત્ર સો કરોડના વિસ્તારવાળું છે અને એકેક અક્ષર તે માણસોનાં મહા પાપને નાશ કરનારૂ છે. ૧

ध्यात्वानीलोत्पलश्यामं रामंराजीवलोचनं ॥
जानकीलक्ष्मणोपेतं जटामुकुटमंडितं ॥ २ ॥
सासितूणधनुर्बाण पाणिंनक्तंचरांतकं ॥
स्वलीलयाजगत्त्रातु माविर्भुतंमजंविभुंम् ॥३॥

નીલાં કમળના જેવી જેની સ્યામ મૂર્તિ છે, એવાં કમ-

४५८

ળ સરખાં નેત્રવાળાં સીતાજી અને લક્ષ્મણજી સહિત, જટાથી અને મુગટથી શોભીતા, તરવાર સહિત, ભાલા અને હેનુષબાણ જેના હાથમાંછે એવા રાક્ષસોના કાળરૂપ (નાશ કરનાર) અને જગતનું રક્ષણ કરવા માટે પોતાની લીલાથી જે પ્રગટ થયા છે, જન્મ વગરના અને સમર્થ એવા શ્રી રામચંદ્રજીનું ધ્યાન ધરીને ડાહ્યા માણસે પાપને ટાળનારી અને સર્વ કામનાને પુરનારી આ રામરક્ષાનો પાઠ કરવો. ॥ ૨ ॥ ૩ ॥

रामरक्षांपठेत्प्राज्ञः पापघ्नीं सर्वकामदाम् ॥
शिरोमराघवःपातु भालंदशरथात्मजः ॥४॥
कौशल्येयोदृशौपातु विश्वामित्रप्रियःश्रुती ॥
घ्राणंपातुमखत्राता मुखंसौमित्रिवत्सलः ॥५॥

રઘુકુળમાં પ્રકટેલા પ્રભુ મારા માંથાની રક્ષા કરો. દશરથના પુત્ર મારા કપાળની રક્ષા કરો. કૌશલ્યાના પુત્ર મારી આંખોની રક્ષા કરો. વિશ્વામિત્રના પ્યારા મારા બે કાનની રક્ષા કરો. યજ્ઞનું રક્ષણ કરનારા મારી નાસીકાની રક્ષા કરો. લક્ષ્મણજીના પ્યારા મારા મુખની રક્ષા કરો. ॥ ૪ ॥ ૫ ॥

जिव्हांविद्यानिधिःपातु कंठंभरतवंदितः ॥
स्कंधौदिव्यायुधःपातु भूजौभग्नेशकार्मुकः ॥६॥

વિદ્યાના ભંડાર મારી જીભની રક્ષા કરો. ભરતજીએ ન-

મસ્કાર કરેલા રામચંદ્ર મારા કંઠની રક્ષા કરજો. દિવ્ય આયુધને ધારણ કરનારા રામચંદ્ર મારા ખભાની રક્ષા કરજો. શીવના ધનુષ્યને ભાંગનારા રામચંદ્ર મારા ભુજની રક્ષા કરજો. ॥ ૬

करौसीतापतिःपातु हृदयंजामदग्न्यजित् ॥
मध्यंपातुखरध्वंसी नाभिंजांबवदाश्रयः ॥७॥

સીતાના પતિ રામચંદ્ર મારા હાથની રક્ષા કરજો. પરશુરામને જીતનાર રામચંદ્ર મારા હૃદયની રક્ષા કરજો. ખરદૈત્યને મારનારા રામચંદ્ર મારા મધ્યની રક્ષા કરજો. જાંબુવાનના આશ્રય રૂપ રામચંદ્ર મારી નાભીની રક્ષા કરજો. ॥ ૭ ॥

सुग्रीवेशःकटीपातु सक्थिनीहनुमत्प्रभुः ॥
ऊरूरघूत्तमःपातु रक्षःकुलविनाशकृत् ॥८॥

સુગ્રીવના ઇશ્વર રામચંદ્ર મારી કેડની રક્ષા કરજો, હનુમાનના પ્રભુ રામચંદ્ર મારી બે સકિથની રક્ષા કરો. રક્ષકુળનો નાશ કરનારા રઘુકુળમાં ઉત્તમ રામચંદ્ર મારાં બે સાથળની રક્ષા કરો. ॥ ૮ ॥

जानुनीसेतुकृत्पातु जंघेदशमुखांतकः ॥
पादौविभीषणश्रीदः पातुरामोऽखिलंवपुः ॥९॥

સમુદ્રપર સેતુ બાંધનારા રામચંદ્ર મારા ગોઠણુની રક્ષા કરજો. રાવણનો નાશ કરનારા રામચંદ્ર મારી જંઘાની રક્ષા

કરજો. વિભીષણને સંપત્તી આપનારા રામચંદ્ર પગની રક્ષા કરો. અને રામચંદ્રજી આખા શરીરની રક્ષા કરો. ॥ ૯ ॥

एतांरामबलोपेतां रक्षांयःसुकृतीपठेत् ॥

सचिरायुःसुखीपुत्री विजयीविनयीभवेत् ॥१०॥

સુકૃત કરનારો જે માણસ આ રામના બળવાળી રક્ષાનો પાઠ કરે તે લાંબા આયુષ્ય વાળો થાય, સુખી થાય પુત્ર પામે જય મેળવે અને વિનયવાળો થાય. ॥ ૧૦ ॥

पातालभुतलव्योम चारिणश्छद्मचारिणः

नद्रष्टुमपिशक्तास्ते रक्षितंरामनामभिः ॥११॥

શ્રી રામચંદ્રજીના નામથી જેને રક્ષા થઇ હોય તેને પાતાળમાં, પૃથ્વી ઉપર અને આકાશમાં ફરનારા દઇત્યો જોવાને પણ સમરથ થતા નથી. ॥ ૧૧ ॥

रामेतिरामभद्रेति रामचंद्रेतिवास्मरन् ॥

नरोनलिप्यतेपापै र्भुक्तिंमुक्तिंचविंदति ॥१२॥

રામ રામભદ્ર અથવા રામચંદ્રનું જે સ્મરણ કરે છે તે માણસ કોઇ દિવસ પાપથી ન લેપાતાં સુખ પામે છે અને મોક્ષને મેળવે છે. ॥ ૧૨ ॥

जगज्जैत्रेकमंत्रेण रामनाम्नाभिरक्षितं ॥

य:कंठेधारयेत्तस्य करस्थाःसर्वसिद्धयः ॥१३॥

જગતને જીતનારા એક રામનામના મંત્રથી જેમાં રક્ષા કરવામાં આવીછે એવું આ સ્તોત્ર, કોઇ પાઠ કરે તો તેને સર્વે સિદ્ધિઓ પાસે આવી રહે છે. ॥ ૧૩ ॥

वज्रपंजरनामेदं योरामकवचंस्मरेत ॥

अव्याहताज्ञःसर्वत्र लभतेजयमंगलं ॥१४॥

વજ્રપીંજર નામના આ રામકવચંને જે સંભારે તે અખંડ જ્ઞાનવાળો થાય છે અને સરવ ઠેકાણે કીરતીરૂપ કલ્યાણને મેળવે છે. ॥ ૧૪ ॥

आदिष्टवान्यथास्वप्ने रामरक्षामिमांहरः ॥

तथालिखितवान्प्रातः प्रबुद्धोबुधकौशिकः॥१५॥

શ્રી સદાશીવે જે પ્રમાણે આ રામરક્ષા વિશ્વામિત્ર રૂષિને સ્વપ્નમાં આવીને કહી તેજ પ્રમાણે તે બુદ્ધિવાન રૂષિએ સહવારમાં જાગીને લખી લીધી છે. ॥ ૧૫ ॥

आराम:कल्पवृक्षाणां विरामःसकलापदाम् ॥

अभिरामस्त्रिलोकानां रामःश्रीमान्सनःप्रभुः १६

સરવ કલ્પવ્રક્ષોના આ રામ રૂપ, સઘળી વિપત્તીઓને દુર કરનારા, અને ત્રિલોકીને આનંદ આપનારા શ્રીમાન રા-

મચંદ્રજી અમારા પ્રભુ છે. ॥ ૧૬ ॥

तरुणौरूपसंपन्नौ सुकुमारौमहाबलौ ॥
पुंडरीकविशालाक्षौ चीरकृष्णाजिनांबरौ॥१७॥

જુવાન અવસ્થાવાળા, અતિરૂપવાળા, સુકુમાર શરીર-વાળા, મહા બળવાળા, કમળ સરખાં વિશાળ નેત્રવાળા, જુના મ્રગચર્મ રૂપ વસ્ત્ર ધરનારા. ॥ ૧૭ ॥

फलमूलाशिनौदांतौ तापसौब्रह्मचारिणौ ॥
पुत्रौदशरथस्येतौ भ्रातरौरामलक्ष्मणौ ॥१८॥

ફળમુળ ભક્ષણ કરનારા, ઇંદ્રીયોને વશ રાખનારા, તપ કરનારા, બ્રહ્મચર્ય પાળનારા અને દશરથના પુત્ર એવા આ શ્રી રામ અને લક્ષ્મણ. ॥૧૮ ॥

शरण्यौसर्वसत्वानां श्रेष्ठौसर्वधनुष्यताम् ॥
रक्षःकुलनिहंतारौ त्रायेतांनोरघुत्तमौ ॥ १९ ॥

કે જે સર્વ પ્રાણિયોને શરણે જાવા યોગ્ય છે, સરવ ધ-નુષધારીઓમાં ઉત્તમ અને રાક્ષસોના કુળનો નાશ કરનાર છે, તે બે રઘુવંશના ઉત્તમ પુરૂષ અમારી રક્ષા કરો. ॥૧૯॥

आत्तसज्जधनुषाविषुस्पृशावक्षयाशुगानिषंगसं-

गिनौ ॥ रक्षणायमम रामलक्ष्मणावग्रतः पथि-
सदै[redacted]तांम् ॥ २० ॥

સજ્જ કરેલું ધનુષ જેમણે ચડાવ્યું છે એવા બાણને સ્પર્શ કરનારા અને જેમાં બાણે ખુટે નહી એવા ભાથાઓ જેને સંગે છે એવા શ્રી રામ લક્ષ્મણ મારૂં રક્ષણ કરવા માટે પ્રથ્વી ઉપર સદૈવ આગળ ચાલજો. ॥ ૨૦ ॥

सन्नद्धःकवचीखड्गी चापबाणधरोयुवा ॥
गच्छन्मनोरथोस्माकंरामःपातुसलक्ष्मणः॥२१॥

નમ્રતાવાળા, કવચ પેહેરેલાં, ખડગ ધારણ કરેલા અને ધનુષબાણ ધરનારા યુવાન શ્રી રામચંદ્ર લક્ષ્મણજી સાથે રહી માર્ગે ચાલતાં અમારા મનોરથની રક્ષા કરો. ॥ ૨૧ ॥

रामोदाशरथिःशूरो लक्ष्मणानुचरोबली ॥
काकुत्स्थःपुरुषःपूर्णःकौ लेयो[redacted]ः ॥२२॥

દશરથ રાજાના પુત્ર શુરવીર, લક્ષ્મણ જેની સેવા કરે છે એવા, બળિયા, કકુત્સ્થકુળમાં જન્મેલા પુરૂષ, સર્વ કામનાથી ભરેલાં, કૌશલ્યાના પુત્ર, રઘુકુળમાં ઉત્તમ. ॥ ૨૨ ॥

वेदांतवेद्योय ेशःपुराणपुरुषोत्तमः ॥
जानकीवल्लभःश्रीमानप्रमेयपराक्रमः ॥ २३ ॥

વેદાંતથી જાણી શકાય એવા, યજ્ઞોના ઈશ્વર, પુરાણ પુરૂષમાં ઉત્તમ, જાનકીજીના પતિ, શોભાયમાન, જેનું પરાક્રમ જાણી ન શકાય એવા. ॥ ૨૩ ॥

इत्येतानिजपेन्नित्यं मद्भक्तःश्रद्धयान्वितः ॥
अश्वमेधाधीकंपुण्यं संप्राप्नोतिनसंशयः ॥२४॥

એ પ્રમાણે એટલાં નામ મારા ભકતે શ્રદ્ધા રાખીને વાંચવાં અથવા પાઠે કરી લેવાં તો અશ્વમેધ યજ્ઞ કરવાના પુપુણ્યથી વધારે પુણ્યને પામે છે તેમાં કાંઈ સંદેહ નથી. ૨૪ ॥

रामंदुर्वादलश्यामं पद्माक्षंपीतवाससम् ॥
स्तुवंतिनामभिर्दिव्यै र्नतेसंसारिणोनराः ॥२५॥

દુર્વાના દલ જેવા સ્યામવર્ણવાળા; કમળના સરખાં નેત્રવાળા અને પીળાં વસ્ત્ર પેહેરનારા શ્રી રામચંદ્રને જેઓ દિવ્ય નામોથી સ્તુતિ કરે છે તે પુરૂષો જન્મ મરણને પામતાનથી. ॥ ૨૫ ॥

रामंलक्ष्मणपूर्वजंरघुवरंसीतापतिंसुंदरं काकुत्स्थंकरुणार्णवं गुणनिधिं विप्रप्रियंधार्मिकम्॥
राजेंद्रंसत्यसिंधुंदशरथतनयंश्यामलंशांतमूर्तिं वंदेलोकाभिरामं रघुकुलतिलकंराघवंरावणारिम्॥

શ્રી રામચંદ્રજી કે જે લક્ષ્મણજીના મોટા ભાઇ છે, રઘુકુળમાં ઉત્તમ છે, સીતાના પતિ છે, સુંદર છે, કકુત્સ્થકુળમાં ઉત્પન્ન થયા છે, કરૂણાનો સમુદ્ર રૂપ છે, ગુણના ભંડાર રૂપ છે બ્રાહ્મણો જેને પ્રિય છે એવા છે, ધર્મ કરનારા છે, રાજાઓના અધિપતિ છે, સાચી પ્રતિજ્ઞાનવાળા છે, દશરથના પુત્ર છે, સ્યામ સ્વરૂપ છે, શાંત મુરતિવાળા છે, લોકોને આનંદ આપનારા છે, રઘુકુળને શોભાવનારા છે, અને રાવણના જે શત્રૂ છે એવા રઘુકુળમાં જન્મેલા શ્રી રામચંદ્રને હું નમસ્કાર કરૂં છું. ॥ ૨૬ ॥

रामायरामभद्राय रामचंद्राय वेधसे ॥
रघुनाथायनाथाय सीतायाःपतयेनमः ॥२७॥

રઘુકુળના નાથ અને સીતાના પતિ એવા શ્રી રામ કે જેનાં રામચંદ્ર અને રામભદ્ર એવાં નામ છે તથા જે વિધાતા રૂપ છે, તેમને નમસ્કાર કરૂં છું. ॥ ૨૭ ॥

श्रीरामरामरघुनंदनरामराम श्रीरामरामभरताग्रजरामराम ॥ श्रीरामरामरणकर्कशरामराम श्रीरामरामशरणंभवरामराम ॥ २८ ॥

હે રઘુકુળના વંશમાં થએલા હે રામ, હે રામ, હે રામ, હે રામ, હે ભરતના મોટાભાઇ, હે રામ, હે રામ, હે રામ હે

રામ હે રણસંગ્રામમાં કઠણ જણાતા, હે રામ, હે રામ, હે રા
મ, હે રામ, હે લક્ષ્મીને રમાડનારા, હે રામ, હે રામ, હે રામ
હે રામ અમને શરણ આપો. ॥ ૨૮ ॥

श्रीरामचंद्रचरणौमनसास्मरामि श्रीरामचंद्रच रणौवचसागृणामि ॥ श्रीरामचंद्रचरणौशिरसानमामिश्रीरामचंद्रचरणौशरणंप्रपद्ये ॥२९॥

શ્રી રામચંદ્રજીના ચરણને મનવડે સંભારૂં છું, શ્રી રામ ચંદ્રના ચરણને વચનવડે ગાઊં છું, શ્રી રામચંદ્રના ચરણને મસ્તકવડે નમું છું, અને શ્રી રામચંદ્રજીના ચરણકમળને હું શરણ થાઉં છું. ॥ ૨૯ ॥

मातारामोमत्पितारामचंद्रः स्वामिरामोमत्स-खारामचंद्रः सर्वस्वंमेरामचंद्रोदयालुर्नान्यंजाने नैवजानेनजाने ॥ ३० ॥

મારી માતા શ્રી રામચંદ્ર છે, મારા પિતા શ્રી રામચંદ્ર છે, મારા સ્વામી શ્રી રામચંદ્ર છે, મારા મિત્ર શ્રી રામચંદ્ર છે, અને મારૂં સરવસ્વ દયાળુ શ્રી રામચંદ્ર છે. બીજા કોઇને હું માતા, પિતા, સ્વામી, મિત્ર, અને સરવસ્વ જાણતો નથી, સમજતો નથી, અને ઓળખતો પણ નથી. ॥ ૩૦ ॥

दक्षिणेलक्ष्मणोयस्य वामेचजनकात्मजा ॥

पुरतोमारुतिर्यस्य तंवंदे रघुनंदनम् ॥ ३१ ॥

જેની જમણી કોરે શ્રી લક્ષ્મણજી છે, જેની ડાબી કોરે શ્રી જનકનાં પુત્રી શ્રી સીતાજી છે, અને જેની આગળ ચાલનારા શ્રી હનુમાનજી છે તે શ્રી રઘુકુળના કુમાર શ્રી રામચંદ્રને હું નમસ્કાર કરૂં છું. ॥ ૩૧ ॥

लोकाभिरामंरणरंगधीरंराजीवनेत्रंरघुवंशनाथं ॥
कारुण्यरूपंकरुणाकरंतं श्रीरामचंद्रंशरणंप्रपद्ये॥

લોકોને આનંદ આપનારા, રણસંગ્રાંમમાં ધીરજ રાખનારા કમળ સરખાં નેત્રવાળા, રઘુવંશના નાવ, દયાની મુરતિરૂપ, અને કરૂણાથી ભરેલા શ્રી રામચંદ્રને હું શરણે જાઉં છું. ॥ ૩૨ ॥

मनोजवंमरुततुल्यवेगंजितेंद्रियंवुद्धिमतांवरिष्ठं॥
वातात्मजंवानरयुथमुख्यंश्रीरामदूतंशरणंप्रपद्ये

મનના જેવા વેગવાળા, વાયુના જેવી ગતિવાળા, ઈંદ્રીયોને જીતનારા, બુદ્ધિવાન પુરૂષોમાં વખાણવાયોગ્ય, વાયુના પુત્ર, અને વાનરાઓના યુથના મુખી, એવા શ્રી રામચંદ્રજીના દુતને (શ્રી હનુમાનજીને) હું શરણે જાઉં છું. ॥ ૩૩ ॥

कुजंतंरामरामेति मधुरंमधुराक्षरं ॥ आरुह्य
कविताशाखावंदेवाल्मीकिकोकिलं॥ ॥३४॥

કવિતા રૂપી શાખા ઉપર બેસીને મીઠાશ ઉપજે એવી રી
તે " શ્રી રામ શ્રી રામ " એવી રીતે મધુર અક્ષરથી ઉચ્ચાર
કરતા એવા વાલ્મીકઋષી કોકિલને હું નમસ્કાર કરૂં છું. ૩૪

आप. ।मपहर्तारंदातारंसर्वसंपदाम् ॥
लोकाभिरामंश्रीरामंभूयोभूयोनमाम्य ,म्॥३५॥

આપત્તિઓનો નાશ કરનારા, સર્વ સંપત્તિઓને આપના
રા અને લોકને આનંદ આપનારા શ્રી રામચંદ્રજીને વારંવા-
ર હું નમસ્કાર કરૂં છું. ॥ ૩૫ ॥

भार्जनं॰ वबीजानांमार्जनंसुखसंपदाम् ॥
.र्जनंयम.तानांरामरामेतिगर्जनम् ॥ ३६ ॥

રામ નામનો પચ્ચાર કરવો તો સંસારના બીજને ભુજી
રાખનારો (જન્મમરણનાં કારણનો નાશ કરનારો) સુખ રૂપ
સંપત્તીઓને શુદ્ધ કરનારો; અને યમના દુતોને તરછોડી
નાંખનારો છે. ॥ ૩૬ ॥

रा.ेराजमणिः सदावि. यतेरामंरमेशंभजे
रामेणाभि .तानिशाचरचमू ।मायतस्मैनमः॥
.. ान्नारि ।परायणं रतरंराम .. सोस्म्यहं

रामेचित्तलयःसदाभवतुमेभोराममामुद्धर।३७

રાજાઓમાં મણી સરખા, શ્રી રામચંદ્ર નિરંતર જયને પામે છે. લક્ષ્મીના પતિ રામચંદ્રને હું ભજુછું, જે રામચંદ્રજી- એ રાક્ષસોની સેનાને હણી નાંખી તે શ્રી રામચંદ્રને હું નમસ્કાર કરૂંછું. શ્રી રામચંદ્રજીથી બીજું કોઇ શરણે જવાયોગ્ય નથી. હું શ્રી રામચંદ્રનો દાસ છું. શ્રી રામચંદ્રને વિષે સદૈવ મારા ચિતનો જય થજો. હે શ્રી રામચંદ્ર મારો ઉદ્ધાર કરો.

रामरामेतिरामेति रमेरामेमनोरमे ॥
सहस्त्रनामतत्तुल्यं रामनाम वरानने ॥ ३८ ॥

વારંવાર શ્રી રામનું નામ જપતો હું મનોહર રામચંદ્રને વિષે રમુછું. હે પાર્વતી; એક રામ નામ અને બીજાં હજાર નામ એ બે બરાબર છે. ॥ ૩૮ ॥

इतिश्रीबुधकौशिकविरचितं श्रीरामरक्षास्तोत्रं संपूर्णम् ॥ ॥ श्रीसीतारामचंद्रार्पणमस्तु ॥

ઇતિ શ્રી બુધકૌશિકે કરેલું રામરક્ષાસ્તોત્ર સંપુર્ણ.

॥ अथ नर्मदाष्टक प्रारंभः ॥

श्रीगणेशायनमः ॥ सबिंदुसिंधुसुस्खलत्तरंगभं-
गरंजितं द्विषत्सु पापजातजातकारिवारिसंयु-
तम् ॥ कृतांतदूतकालभूतभीतिहारिवर्मदे त्व-
दीयपादपंकजं नमामि देवी नर्मदे ॥१॥ त्वदंबु
लीनदीनमीनदिव्यसंप्रदायकं कलौमलौघभा
रहारि सर्वतीर्थनायकं ॥ सुमच्छकच्छनक्रचक्र
चक्रवाकशर्मदे त्वदीयपादपंकजं नमामि देवि
नर्मदे ॥२॥ महागंभीरनीरपूरपापधूतभूतलं ध्व
नत्समस्तपातकारि दारितापदाचलम् ॥ जगल्ल
ये महाभये मृकंडुसुनुहर्म्यदे त्वदीयपादपं० ॥
३॥ गतं तदैव मे भयं त्वदंबुवीक्षितं यदा मृकं
डुसुनुशौनका सुरारिसेवि सर्वदा ॥ पुनर्भवाब्धि
जन्मजं भवाब्धिदुःखवर्मदे त्वदीयपादपं ॥४॥
अलक्षलक्षकिन्नरामरासुरादिपूजितं सुलक्षनीर
तीरधीरपक्षिलक्षकूजितम् ॥ वसिष्ठशिष्टपिप्प

लादिकर्दमा -शर्मदे त्वदियपाद ॥५॥ सनत्कु
मारनाचिकेतकश्यपात्रिषट्पदैर्घृतं स्वकी मा
नसेषु ना दादिषटपदैः ॥ रवींदुरंतिदेवदेवराज
कर्मशर्मदे त्वदीयपाद ॥६॥ अलक्षलक्षलक्षपाप
लक्षसार ायुधं ततस्तुजीवजंतुतं भूक्ति मूि
दायकम्॥ विरिंचिविष्णु ंकरस्वकीय ामवर्मदे
त्वदीयपाद ॥७॥ अहो मृतं स्वनं श्रुतं महेश
केशजातट किरातसु वाडवेषुपंडिते शठे नटे॥
रंतपापतापहारि सर्वजंतुशर्मदे त्वदीयपाद॥
८ ॥ इदं तु नर्मदाष्टकं त्रिकाल मेव ये सदा
प ंति ते निरंतरं न यांति दुर्गतिं कदा ॥ सु
लभ्यदेहदुर्लभं म ेशधामगौरवं पुनर्भवा नरा
न वै विलोक ंति रौरवम् ॥ ९ ॥ इति श्रीम
च्छंकराचार्यविरचितं नर्मदाष्टक तोत्र संपूर्णम्
॥ १३० ॥ ॥ समा .

જાહેર ખબર.

આ બુક તેમજ અરબ્બી, ઉરદુ, ગુજરાતી, સંસ્કૃત, હીંદુસ્તાની, મરાઠી તેમજ અંગ્રેજી ઇસકોલોમાં ચાલતી સર્વે બુકો તેમજ ડીપોની સર્વે જાતની બુકો વીગેરે નીચે સહી કરનારની દુકાનેથી કીફાએત ભાવે મળશે.

વોહોરા અબદુલહુસેન આદમજી.
બુકસેલર—ભાવનગર.